उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत

"જાગો, ઉઠો, વિરમો નહિ,
સાધ્યો આશય ના જ્યાં સુધી"

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતનું

(રજી.નં. : A / 3352 / Ahmedabad)

# મુખપત્ર

**તંત્રી મંડળ**
ભરત એસ. શુક્લ
ધ્રુવ જે. શુક્લ
દક્ષેશ એસ. પુરોહિત
યોગેશ કે. શુક્લ
પ્રવીણ પુરોહિત

જુલાઈ, ઑગસ્ટ ૨૦૧૮

श्री महालक्ष्म्यै नमः



श्री महालक्ष्मी प्रसन्नाऽस्तु

**શ્રી મહાલક્ષ્મી તીર્થધામ, શહેરા**


| | |
|---|---|
| **પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**<br>ઈ-૧૦, આયોજન નગર, શ્રેયસ ક્રોસિંગ પાસે,<br>પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. ૯૮૨૪૪૦૬૩૮૧ | **મંત્રીશ્રી કૌશિક એચ. પાઠક**<br>એ/૧, ઉદય ફ્લેટ્સ, શાંતિવન પાસે,<br>પાલડી, અમદાવાદ. મો. ૯૮૨૫૭૮૮૧૮૮ |

| | | |
|---|---|---|
| **મંત્રીશ્રી જ્યંત જી. જોષી**<br>૪૧૫/૨, સેક્ટર-૩બી, ગાંધીનગર.<br>મો. ૯૬૦૧૯૯૫૫૬૭ | **તંત્રીશ્રી**<br>જીજ્ઞેશ બી. પંડિત<br>મો. ૯૦૯૯૦૨૯૦૭૯ | **સંપાદકશ્રી**<br>હસિત એચ. પાઠક - મો. ૯૮૨૫૨૭૭૪૪૦<br>વિપુલભાઈ વી. દવે - મો. ૯૪૨૬૦૪૭૨૪૮ |

# વાર્ષિક સાધારણ સભાની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતની વાર્ષિક સાધારણ સભા (એ.જી.એમ.) રવિવાર, તા. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે મહાલક્ષ્મી મંદિર, અલ્હાબાદ બેંકની સામે, તળાવ પર, શહેરા ખાતે રાખવામાં આવેલ છે. જેમાં નીચે મુજબના કામકાજ/ઠરાવ રાખવામાં આવેલ છે.

# કાર્યસૂચિ

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

૨. વર્ષ ૨૦૧૮ માર્ચ સુધીના ઑડિટ કરેલા હિસાબો મંજુર કરવા બાબત.

૩. સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતને રૂ. ૧ ના ટોકન ભાડાથી પોતાની ઑફિસ વાપરવા આપવા બદલ શ્રી મિહિરભાઈ આર.પંડ્યા અને શ્રી ભાવિનભાઈ આર. પંડ્યાનું સન્માન કરવા બાબત.

૪. સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતની કારોબારીની ત્રણ વર્ષની મુદત પુરી થતી હોવાથી તે બાબત ચર્ચા-વિચારણા કરીને નિર્ણય લેવા બાબત.

૫. પ્રમુખ સ્થાનેથી રજૂ થાય તે બાબત.


સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત વતી

| | |
|---|---|
| કૌશિક પાઠક | જયત જોષી |
| મંત્રીશ્રી | મંત્રીશ્રી |

સ્થળ : અમદાવાદ,

તા. ૩૧-૦૮-૨૦૧૮

**પ્રમુખ શ્રીની કલમે**



આદરણીય વડિલ જ્ઞાતિ બંધુઓ, ભગિનીઓ, મુરબ્બીઓ મિત્રો...

સૌને આપના **બંસીધર ઉપાધ્યાય**ના સ્નેહ સ્મરણ નમસ્કાર, જય ભગવાન, કુશળ હશો. જોતજોતામાં મને મળેલ એક વર્ષ આઠમાસ પૂર્ણ થયા. આપના સૌના સાથ સહકારથી શ્રી બંધુઓના માનસપટમાં 'જાગૃતિ'ની ચેતના લાવવાનો એક ભવ્ય પુરુષાર્થ ચરિતાર્થ થયો સમાજના પૂર્વ પ્રમુખશ્રી હરિપ્રસાદભાઈ જોષી, આ ફાની દુનિયા છોડતાં છેલ્લે કહ્યું હતું કે ''ચિ.ભાઈ બંસીધર મારા મનની આશાઓ, અરમાન તે પૂરાં કર્યા અને સરસ કાગળમાં દળદાર માહિતી સભર 'જાગૃતિ' છાપી, સમાજને તેની પોતાની ઑફિસમાં બેસાડ્યાનો પુરુષાર્થથી હું પ્રસન્ન છું. મને આનંદ છે કે મારી પસંદગી યોગ્ય ઠરી.'' મારા માટે આજ સાચુ પ્રમાણ છે.

આપણા જ શ્રી બંધુશ્રી મિહિરભાઈ આર. પંડ્યાએ ૪૦ થી ૪૫ લાખની કિંમતની આનંદનગર પ્રહ્લાદનગર જેવા પોશ વિસ્તારમાં ઑફિસ આપી અને આપણે બેસતા થયા. એ જ એમની સમાજ પ્રત્યેની મારા અને હોદ્દેદારો પ્રત્યેની નિષ્ઠા બતાવે છે. તેમનો પુનઃ અંતઃકરણ પૂર્વક આભાર માનુ છું.

'સહતિઃ કાર્યસાધિકા સંઘે શક્તિ કલૌયુગે' એ ન્યાયે હું વારંવાર કહુ છું કે હું સંગઠનનો માણસ છું. સમાજના નાના અને આંતરિયાળ વિસ્તારમાં રહેલો શ્રી બંધુ-ભગિની જાગૃત થાય અને સુખ દુઃખમાં આપણી સાથે રહે તે માટે મે મારા કારોબારી મિત્રો, હોદ્દેદારો સાથે સારો એવો પ્રવાસ કરી નાના-મોટા તમામ પક્ષોના મંડળોના પ્રમુખશ્રી, મંત્રીશ્રીઓ સભ્યોની સાથે ચર્ચા વિચારણા કરી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના નેજા હેઠળ તેઓને લાવવાનો પ્રયત્ન કર્યો અને હજુ કરી રહ્યો છું. આ માટે **મઘવાસ, લુણાવાડા, કાંકણપુર, કોઠંબા, શહેરા, કાલોલ, વડોદરા, બોરસદ, આણંદ, ગોધરા અને અમદાવાદ**ના અનેક વિસ્તારોમાં એક થી અનેકવાર વિવિધ પક્ષો, મંડળોના પ્રમુખશ્રીઓ, હોદ્દેદારો સાથે ચર્ચા-વિમર્શ કરી તેઓને સમસ્ત સમાજ સાથે સતત નાતો કેળવાય તે રીતે ભારે પ્રયત્નો કરી સૌને સાથે રાખવાનો પ્રયત્ન કર્યો છે જેના અહેવાલો, ફોટા સાથે જે તે સમયે જાગૃતિમાં પ્રસિદ્ધ કર્યા જ છે. જેનાથી આપ સૌ સુવિદિત છો જ.

જ્ઞાતિના ઉદાર દિલના દાતાઓના સહયોગથી એક અવિસ્મરણીય વડિલ વંદનાનો કાર્યક્રમ કર્યો, ૭૫ થી ઉપરના શ્રી બંધુ-ભગિનીઓને શાલ, મોમેન્ટોથી નવાજી તેમની વંદના કરવાનો સમાજના ઈતિહાસમાં પહેલીવાર પ્રયત્ન થયો ખૂબ અસરકારક અને પ્રભાવશાળી તે ધન્ય ક્ષણો હતી.

બહુરત્ના વસુંધરા... એ ન્યાયે આપણા સમાજમાં ઘણાં એવા પ્રતિભાવંત રત્નો છે. જે વિવિધક્ષેત્રોમાં સદાય ઝળહળતા રહ્યાં છે, તેઓને આપણે સુંદર પુરસ્કાર આપી શાલ્યાર્પણ દ્વારા તેઓનું યથા ઘટિત સન્માન કર્યું. એવી જ રીતે અત્યાર સુધી સમાજમાં જેઓએ નિઃસ્વાર્થ ભાવે શ્રી બંધુઓની સેવા કરી છે તેવા વડિલો,

મુરબ્બીઓને વિશિષ્ટ સ્થાન આપી પુષ્પગુચ્છ, મોમેન્ટો અને શાલ્યાર્પણ કરી નવાજ્યા. આ તેઓને માટે ધન્યતાની ક્ષણ હતી અને આપણે તેમના ઋણી છીએ તેવો અહેસાસ પણ અનુભવ્યો તેમાં પણ કન્વીનર શ્રી પંકજભાઈ શુક્લ, કિરણભાઈ મહેતા, યોગેશભાઈ શુક્લ, ધ્રુવભાઈ શુક્લ અને ઉપપ્રમુખશ્રી હરીન્દ્રભાઈ પાઠકનો તથા સૌ હોદ્દેદારી, કા.સભ્યોનો સહકાર નોંધપાત્ર રહ્યો હતો.

જૂની અને નવી પેઢીની સાથે રખાય તે રીતે ઉચ્ચ શૈક્ષણિક કારકીર્દિ ધરાવતા યુવક-યુવતીઓને તેમણે પ્રાપ્ત કરેલ શૈક્ષણિક સિદ્ધિઓ બદલ ધો. ૧૦-૧૨, ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, એમ.ફીલ., પીએચ.ડી. જેવી તમામ લાયકાતો ધરાવતા મિત્રોને સન્માન્યા.

ડીઝીટલ ઈન્ડિયાની વ્યાખ્યામાં સમાઈએ તે રીતે ભવ્ય મોટા સ્ક્રીન ઉપર લાઈવપ્રસારણ સાથે ભાઈ નીરવ અને રીમા દવે જેવા ઉત્સાહી દંપતીથી આપણે સમાજની વેબસાઈટ પૂ. શાસ્ત્રીજીના હસ્તે લોન્ચ કરી. તે જ દિવસે ભવ્ય પ્રસારણ કરાયું આપણી પોતાનું ઈ-મેલ આઈડી છે જ પણ વેબસાઈટ દ્વારા પણ આ કાર્યક્રમો જોઈ શકાય છે.

પોસ્ટ અને કુરિયરમાં ‘જાગૃતિ’ મોડી-વહેલી મળે ના મળે તેવી અનેક ફરિયાદો વચ્ચે આપણે જાગૃતિની પીડીએફ બનાવી અંતરિયાળ વિસ્તાર સુધી આપણો અવાજ પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. લાંબી સુષુપ્ત અવસ્થા પછી જાગૃત થયેલ સમાજને મારા કાર્યકાળ દરમ્યાન સમાજની જાગૃતિ થકી ઘણું હાંસલ કરી શકાયું આ જ રીતે ઘણું હાંસલ કરી શકાય તેમ છે તેવો મને વિશ્વાસ છે.

જો કે સમાજના ઉત્થાનમાં ‘જાગૃતિ’ની વાત આવે તો સ્વ. રાજેન્દ્રભાઈ એન. દવેએ એમણે આપેલ અવિસ્મરણીય ફાળાને ક્યારેય ભુલી ન શકાય, જેમ પૂર્વ પ્રમુખશ્રી હરિપ્રસાદ જોષીને હરપળે યાદ કરીએ છીએ તેમ પૂર્વપ્રમુખો, ઉપપ્રમુખો, મંત્રીઓ, ખજાનચીઓ અને તંત્રીઓ, સંપાદકો કા. સભ્યોને પણ નત મસ્તકે વંદન કરવા જ રહ્યા.

જૂની નવી પેઢીની વાત આવી એટલે શ્રી કુમુદચંદ્ર દવે(ઉપપ્રમુખશ્રી)ના માર્ગદર્શન હેઠળ ક્રિકેટ ટુર્નામેન્ટનું એક દિવસીય સુંદર આયોજન કર્યું આશરે ૪૦ થી ૫૦ જેટલા શ્રી બંધુ યુવકોએ આ ટી-૨૦ ટેનીસ ટુર્નામેન્ટમાં ભાગ લીધો. આયોજનમાં પ્રા.ડૉ. અલ્પેશ ઉપાધ્યાય, શ્રી દિગીશભાઈ દવે, શ્રી નીરવ દવેએ કન્વિનર તરીકેની જવાબદારી નિભાવી હતી.

ભલે આપણી પાસે એવું મોટું આર્થિક ફંડ નથી તો પણ જરૂરિયાત મંદને શૈક્ષણિક બાબતોમાં દવાઓની જરૂરિયાતમાં અને બીજી નાની-મોટી મુશ્કેલીઓમાં શ્રી બંધુઓને મદદ કરવામાંથી પીછે હઠ કરી નથી. તેમની અંતરની આશિષથી જ આ સમાજ રૂડો છે.

મનોરંજન, સાંસ્કૃતિક કાર્યક્રમો, ધાર્મિક પ્રવાસો, સ્નેહ મિલન જેવા ઘણા કાર્યક્રમો કર્યા છે, કરવા છે,

કરવાના બાકી પણ રહ્યા તેમાંય આપણામાં રહેલી આળસું પ્રકૃતિ જવાબદાર છે. ઘણુબધુ હજુ કરી શકાય તેમ છે, કરવું છે. આ આદ્યશક્તિની પ્રાર્થના આપણું સંગઠન વધુને વધુ બળવત્તર બને તો આ શક્ય બને અને બનશે જ તેવી મને અપાર શ્રદ્ધા છે. યત્નેકૃતિ યદિ ન સિદ્ધતિ કોત્ર દોષઃ એ ન્યાયે પ્રયત્ન કરતા જ રહેવું પછી તો ભાગ્યની વાત છે. જેઓ અમારા આ કાર્યમાં હાથ લંબાવી પડખે રહી, ખભો આપી તન, મન યા ધનથી સાથે રહ્યાં છે તેઓને યથાઘટિત નમસ્કાર, પ્રણામ, ધન્યવાદ જેઓ દૂર રહીને પણ અંગુલી નિર્દેશ કરીને ચેતવ્યા છે છતાં આડકતરાં સૂચનો શબ્દોથી હૈયા વરાળ કાઢીને અમોને સક્ષમ બનાવવા તત્પર રહ્યા છે તેઓને વંદન સાથે હવે સૌના સાથમાં સમાજના વિકાસ કાર્યમાં જોતરાવા સૌને નમ્રભાવે વિનંતી છે.

પુનઃ હાલ મારી સાથે મારા એકે-એક કાર્યમાં મારી પડખે રહી સાથ સહકાર હૂંફ આપી મને ચેતનવંત રાખ્યો છે તે માટે મારા તમામ કારોબારીના સભ્યો તમામ હોદ્દેદારોનો ક્યા શબ્દોમાં આભાર માનું? ખરેખર, તેઓ ધન્યવાદને પાત્ર છે. તેઓનો તો હું ઋણી જ છું જે ઋણ મારે સ્વીકારવું જ રહ્યું.

આપણે છીએ તો જ સમાજ છે, બધાથી જ સમાજ ચાલવાનો છે. આ કોઈની પેઢી નથી કે ઈજારો નથી સંસાર છે, ‘સંસરતિ ઈતિ’ જે સરી જાય છે પરિવર્તન શીલોઙ્યમ્... આતો પરિવર્તશીલ સંસાર છે. નવી પેઢીને આવકારવા હોય જ પણ પ્રબુદ્ધોના બે હાથનો આશિર્વાદનો સથવારો તો જોઈએ જ ને?

પુનઃ સૌને વંદન નમસ્કાર સાથે વેદના મંત્રોને યાદ કરું સમાનિ વઃ આહુતિઃ સમાના હૃદયાનિવઃ સમાનમસ્તુ વો મનો યથાવહઃ સુસહાસતિ

આપણા ધ્યેયો, હૃદય સમાન બની એક બીજાને સમજી, સહન કરી ઉચ્ચ ધ્યેયની પ્રાપ્તિ માટે અખંડિત રહીએ આપણે સૌ સંગચ્છ ધ્વં સં વદધ્વં સં વો મનાંસિ જાયતામ્...

આપણે સૌ સાથે રહી સમાજની એકતાને સંગઠીન કરી એકબીજાને પૂરક બની ઉન્નતિ તરફ જઈએ તે જ ભાવના અભ્યર્થના સાથે નમસ્કાર. જય ભગવાન.

આપનો શુભચિંતક
પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય

---

# ભુલ સુધારણા નોંધ

(૧) શ્રીગૌડ જાગૃતિના અંક એપ્રિલ-મે ૨૦૧૮ના પાન નં. ૭ ઉપર શ્રદ્ધાંજલીમાં શ્રીમતી કુમુદબેન નરેન્દ્રભાઈ દવે છપાયેલ છે, તેના બદલે શ્રીમતી કુસુમબેન નરેન્દ્રભાઈ દવે વાંચવું.

(૨) શ્રીગૌડ જાગૃતિના અંક એપ્રિલ-મે ૨૦૧૮ ના પાન નં. ૮ ઉપર એસ.બી.જી. ફેસબુકના જન્મના સમાચારમાં તા. ૮-૫-૨૦૧૭ છપાયેલ છે, તેના બદલે તા. ૮-૫-૨૦૧૧ વાંચવું.

## મંગલ મંદિર ખોલો નિરામય મંગલ મંદિર ખોલો........

- સુરેન્દ્રભાઈ જીવણલાલ ભટ્ટ, જુના શ્રીગૌડ તા.૩૧/૦૫/૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે.
- ઉષાબેન જયકાન્ત પાઠક, અમદાવાદ તા.૧૧/૦૬/૨૦૧૮ના રોજ અમદાવાદ મુકામે દેવલોક પામ્યા છે.
- જગદીશચંદ્ર કાશીનાથ શુકલ. કાંકણપુર/વડોદરા, તા.૧૫/૦૬/૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે.
- શારદાબેન લક્ષ્મીશંકર પાઠક, વડોદરા, તા. ૨૩/૦૬/૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે.
- પ્રકાશ કમળાશંકર પંડ્યા, વડોદરા, તા.૨૮/૦૬/૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે.
- રમાબેન સૂર્યકાન્ત શુકલ, અમદાવાદ, તા.૧૯/૦૭/૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે.
- રવિકાંતાબેન વિનાયકાન્ત પુરોહિત, અમદાવાદ, તા.૨૪/૦૭/૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે.
- દમયંતીબેન મહેન્દ્રપ્રસાદ શુક્લ, અમદાવાદ, તા. ૨૦-૦૮-૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે.
- તરૂલત્તાબેન હર્ષદરાય પાઠક, વડોદરા, તા. ૨૮-૦૮-૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે.
- ચંદ્રશંકર જયદેવરામ શુક્લ, લીમડીયા, તા. ૦૩-૦૯-૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે.
- વિનુભાઈ કાશીનાથ શુક્લ, કાંકણપુર, તા. ૦૪-૦૯-૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે.
- રમીલાબેન પી. ભટ્ટ, વડોદરા, તા. ૨૨-૦૮-૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે.

**સર્વે સદગત આત્માઓને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

# સમાચાર સંચય

- ડૉ. મેહુલભાઈ પંડ્યા, સિનિયર સાયન્ટિસ્ટ, ઈસરો ને સાયન્ટિસ્ટ તરીકે NASA, વોશિંગ્ટન ખાતે પ્રતિનિયુક્તિ પર મૂકવામાં આવેલ છે. અભિનંદન
- ડૉ. અતુલભાઈ પંડ્યા, વડોદરા ને "Times Ascent Award' અને " India Human Capital Award for 2017-18" થી સન્માનિત કરવામાં આવેલ છે. અભિનંદન
- ચિ. સલોની પ્રશાંતભાઈ પંડ્યા, અમદાવાદ/ ગોધરા ને ગાંધીનગર ખાતે યોજાયેલ સાતમા આઇ.આઇ.ટી. ના પદવીદાન સમારંભમાં સિવિલ એન્જિનિયરિંગ માં ડોકટરેટ (પી.એચ.ડી.) ની પદવી એનાયત કરીને સન્માનિત કરવામાં આવેલ છે. અભિનંદન
- દિલ્હીની સંસ્થા દ્વારા શ્રી દિવાકર કે. શુકલ, ગોધરા ને ડૉ. રાધાકૃષ્ણન એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. અભિનંદન
- ચિ. હર્ષિલ તારક દવે એસ. એસ. સી.માં ૯૭ પર્સન્ટાઈલ સાથે ઉત્તીર્ણ થયેલ છે. અભિનંદન
- શ્રી કલ્પેનભાઈ એન. શુકલ, મુંબઈ સતત ત્રીજી ટર્મ માટે 'IIMA Alumni Associate Mumbai Chapter' ના પ્રમુખ તરીકે ચૂંટાયા છે. અભિનંદન
- ગુજરાત હાઈકોર્ટના સિનિયર ધારાશાસ્ત્રી શ્રી અનિલભાઈ સુરેન્દ્રરાય દવે ના સુપુત્ર ચિ. જૈનમ (મેનેજર, આઇ.ડી.બી. આઈ., મુંબઈ) ના શુભ લગ્ન ચિ. રિધ્ધિ (શ્રી જગદીશભાઈ ભટ્ટ, વડોદરા ની સુપુત્રી) સાથે

તા.૧૫/૦૭/૨૦૧૮ના રોજ અમદાવાદ મુકામે યોજાઈ ગયા. સમાજ તરફથી નવ દંપતી નેહાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન!

- ચિં. જૈનમના લગ્ન પ્રસંગ નિમિત્તે શ્રી અનિલભાઇ દવે (પૂર્વ પ્રમુખશ્રી) તરફથી સમાજને જાગૃતિ નિભાવ પેટે રૂ.૫૦૦૧/- સપ્રેમ ભેટ પ્રાપ્ત થયેલ છે. ખૂબ ખૂબ આભાર.
- શ્રી કાર્તિક હીમાંશુભાઈ પાઠક ને ફેબ ઈન્ડિયા તરફથી “બેસ્ટ પર્ફોર્મન્સ એવોર્ડ” થી સન્માનિત કરવામાં આવેલ છે. અભિનંદન !
- શ્રી દીપેન શંકરભાઇ દવે, લુણાવાડા ને શ્રી રામ ફાયનાન્સ કંપની માં ક્રેડિટ મેનેજર મહિસાગર જિલ્લા માં બઢતી મળેલ છે. અભિનંદન!
- ડૉ. રાહુલ શુક્લ (કારોબારી સભ્ય)ના આમંત્રણને માન આપી તેમના સૌજન્યથી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતની કારોબારી સમિતિની બેઠક તા.૧૨-૦૮-૨૦૧૮ના રોજ વડોદરા ખાતે યોજાઈ હતી. ડૉ. રાહુલભાઈનો આભાર અને ધન્યવાદ.
- શ્રી હરિશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખશ્રીના આમંત્રણ અને સૌજન્યથી કારોબારી સમિતિની મીટિંગ તા. ૨૨-૦૮-૨૦૧૮ના રોજ કાલોલ મુકામે યોજાઈ હતી, શ્રી હરીશભાઈનો ખૂભ ખૂભ આભાર.
- માધવ મલ્ટી સ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લીનીક તરફથી રૂ. ૧૫૦૦ જાહેરાત માટે પ્રાપ્ત થયેલ છે. આભાર.
- સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતને ક્રિકેટમેચ રાખવામાં આવેલ દાન તેમાં રૂ. ૯૯૧૯ ની રકમ ભેટ તરીકે મળેલ છે. આભાર.
- ચિ. કૃણાલ ધ્રુવભાઈ શુક્લના લગ્ન પ્રસંગે રૂ. ૧૦૦૦ ધ્રુવભાઈ જશવંતલાલ શુક્લ તરફથી ભેટ મળેલ છે. આભાર.
- ચિ. ધ્યેય મેહુલભાઈ જોશીના યજ્ઞોપવિત નિમિત્તે શ્રી દિનેશચંદ્ર ભાનુશંકર જોષી, વડોદરા તરફથી રૂ. ૫૦૦ શિક્ષણ ફંડમાં ભેટ મળેલ છે. આભાર.
- ડૉ. કોકીલ દવે, રિદ્ધિ હોસ્પીટલ, અમદાવાદ તરફથી રૂ. ૨૦૦૦ જાગૃતિ ફંડમાં ભેટ તરીકે પ્રાપ્ત થયેલ છે. આભાર.
- ચિ. કુશલ બી.ઈ.(ઇલે) નો અભ્યાસ પૂર્ણ કરી ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ (કેનેડા) તા. ૧૨-૦૮-૨૦૧૮ના રોજ ગયેલ છે. વિદાય સદાય વસમી હોય છે, તેમ છતાં આવી વસમી વિદાય સહર્ષ સ્વીકારવુ અનિવાર્ય છે. પરમકૃપાળુ પરમાત્મા ચિ. કુશલનુ ભવિષ્ય ઉજ્જવલ, પ્રગતિશીલ, સુખ, શાંતિ, સમૃધ્ધિ અને દીર્ઘાયૂ બક્ષે એવી શુભેચ્છા સહ.
- તા. 12.08.2018 ના રોજ શ્રીગૌડ પ્રગતિ મંડળ, અમદાવાદ દ્વારા ડૉ.મેહુલ પંડ્યા ( Scientist ISRO and NASA - USA ) અને પ્રો. ડૉ.વિજય ભાઈ પંડ્યા નો સત્કાર અને તેજસ્વી વિદ્યાથીઓ ને ચંદ્રક પ્રદાન સમારંભ રાખેલ, જેનું શ્રી હરેન્દ્રભાઈ જે પાઠક દ્વારા આયોજન કરવામાં આવ્યું હતુ.
- ઉડાન સ્કૂલ માં સ્વાતંત્ર્ય દિન ની સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ખૂબ ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી, જેમાં શ્રી વિજયભાઈ ઉપાધ્યાય(સિનિયર એડવોકેટ & નોટરી તેમજ સંસ્થા ના મંત્રી) ના શુભ હસ્તે ધ્વજ વંદન કરાયું હતું.સાથે શ્રી જયેશભાઈ રામાનુજ (સિનિયર એડવોકેટ, સેશન્સ કોર્ટ અમદાવાદ) પણ વિશેષ હાજર

રહી વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કર્યા હતા.

- સમસ્ત શ્રીગૌડ સમાજ, ખંભાત દ્વારા તા.૨૭/૦૭/૨૦૧૮ ના રોજ ખંભાત ખાતે ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. તેમાં શ્રી યોગેશભાઈ એન. દવે તરફથી સમાજના સર્વે ભાઈઓ-બહેનો ને ઈનામ વિતરણ કરવામાં આવેલ. તેમ જ સમસ્ત શ્રીગૌડ સમાજ, ખંભાત ના નવા હોદ્દેદારો ની પણ સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે. ભાઈઓમાં - ૧. શ્રી માર્તન્ડભાઈ પાઠક, પ્રમુખ, ૨. શ્રી હાર્દિકભાઈ શાસ્રી, ઉપ પ્રમુખ, ૩.શ્રી નિલેશભાઈ પંડયા, મંત્રી, ૪. શ્રી સર્વાંગભાઈ જોષી. ખજાનચી. બહેનોમાં - ૧. શ્રીમતી અમીબેન ભટ્ટ, પ્રમુખ, ૨. શ્રીમતી સોનીયાબેન જોષી, ઉપ પ્રમુખ, ૩. શ્રીમતી કવિતાબેન જોષી, મંત્રી, ૪. શ્રીમતી દિપ્તિબેન દવે, ખજાનચી.
- શ્રીગૌડ જાગૃતિના સંપાદક શ્રી હસિત પાઠકનું સમસ્ત બ્રાહ્મણ સમિતિ, દિલ્હી દ્વારા **''જ્યોતિષ રત્ન''** ના ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યા. ઉપરાંત ગુઢ વિદ્યાના ક્ષેત્રે તેમણે આપેલ વ્યાખ્યાન બદલ વર્લ્ડ રેકોર્ડ ઑફ ઈન્ડીયા દ્વારા તેમને **''વર્લ્ડ રેકોર્ડ એચીવમેન્ટ''**નું સન્માન પ્રદાન કરવામાં આવ્યું.
- શ્રી કુમુદભાઈ દવે (ઉપપ્રમુખ)નું સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ, અમદાવાદ શહેર દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું છે. અભિનંદન !
- ડૉ. નિધિ વી. શુક્લ, ભરૂચ, પી.જી. સ્ટડી (એમ.એસ.) માટે જામનગર ગયેલ છે. અભિનંદન.
- શ્રી વેદાંત પરેશભાઈ દવે, ઉચ્ચ અભ્યાસ અર્થે (એમ.ઈ. ઈલેક્ટ્રીકલ) કેનેડા-વિન્ડસર ખાતે રવાના થયેલ છે. અભિનંદન !

# શ્રદ્ધાંજલી

| ક્રમ | નામ | જૂન-જુલાઈ-ઓગસ્ટ |
|---|---|---|
| ૧. | સ્વ. શ્રીમતી અંજનાબેન યોગેશભાઈ શુક્લ | ૦૧-૦૭-૨૦૦૨ |
| ૨. | સ્વ. કૃષ્ણકાંત માણેકલાલ દેસાઈ | ૧૯-૦૭-૧૯૯૯ |
| ૩. | સ્વ. પ્રવિણચંદ્ર ઉમીયાશંકર મહેતા | ૨૩-૦૭-૧૯૮૭ |
| ૪. | સ્વ. વિશ્વનાથ શીવપ્રસાદ શુક્લ | ૨૨-૦૭-૨૦૦૨ |
| ૫. | સ્વ.ડૉ. વિનુભાઈ સદારામ પાઠક | ૨૧-૦૮-૧૯૮૬ |
| ૬. | સ્વ. મૂળશંકરજી શીવશંકરજી | ૨૩-૦૮-૧૯૭૯ |
| ૭. | સ્વ. દેવેન્દ્ર બાપુજી પાઠક | જુલાઈ ૧૯૯૭ |
| ૮. | સ્વ. ઈન્દુભાઈ જેષ્ઠારામ શુક્લ | ૨૯-૭-૧૯૯૭ |
| ૯. | સ્વ. નટવરલાલ ભાઈલાલ દિક્ષીત | ૭-૮-૧૯૯૭ |
| ૧૦. | સ્વ. અમરીષ કનૈયાલાલ પંડ્યા | ૨૦-૦૮-૧૯૯૭ |
| ૧૧. | સ્વ. બિજેન્દ્ર બાપુલાલપંડ્યા | ૩૧-૦૮-૧૯૯૭ |
| ૧૨. | સ્વ. રસીકભાઈ ગીરજાશંકર દવે | ૨૯-૭-૧૯૯૬ |
| ૧૩. | સ્વ. કલાબેન રસીકભાઈ દવે | ૨૧-૮-૨૦૦૮ |
| ૧૪. | સ્વ. પરશનબેન દવે | ૬-૬-૨૦૦૨ |
| ૧૫. | સ્વ. લીલાવતીબેન આર. પાઠક | ૭-૬-૧૯૯૭ |
| ૧૬. | સ્વ. ઈન્દ્રજિત કાશીનાથ દવે | ૨૧-૬-૧૯૭૬ |
| ૧૭. | સ્વ. ઈન્દીરાબેન સુમનચંદ્ર વ્યાસ | ૧૬-૬-૧૯૯૨ |
| ૧૮. | સ્વ. તારાગૌરી જયંતીલાલ શુક્લ | ૧૭-૫-૧૯૯૦ |
| ૧૯. | સ્વ. હરેશકુમાર સોમેશ્વર પંડ્યા | ૧૫-૮-૨૦૧૫ |
| ૨૦. | સ્વ. હરિપ્રસાદ એ. પુરોહિત | ૨૧-૭-૨૦૧૭ |
| ૨૧. | સ્વ. મીનાક્ષીબેન દીપકકુમાર પંડ્યા | ૧૮-૭-૨૦૧૬ |
| ૨૨. | સ્વ. ગીરીષભાઈ રણછોડભાઈ ભટ્ટ | ૭-૭-૨૦૧૬ |
| ૨૩. | સ્વ. જેષ્ઠારામ દામોદરદાસ દ્વિવેદી | ૧૯-૭-૨૦૧૬ |
| ૨૪. | સ્વ.રાજેન્દ્રભાઈ નટવરલાલ દવે | ૧૮-૭-૨૦૧૬ |
| ૨૫. | સ્વ. વિમલભાઈ એસ. દવે | ૩-૭-૨૦૧૬ |

**સર્વે દિવંગત આત્માઓ શાશ્વત શાંતિ પામે તેવી સમાજના જ્ઞાતિજનો તરફથી પ્રભુને પ્રાર્થના**

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

## મુડી તથા દેવા

| વિગત | ૩૧-૦૩-૧૬ | ૩૧-૩-૧૭ | ૩૧-૩-૧૮ |
|---|---|---|---|
| આજીવન સભાસદ ફી | ૩૦૨૭૪૨.૦૦ | ૩૧૧૨૪૩.૦૦ | ૩૫૭૪૭૮.૦૦ |
| કામયી ફંડ ડીપોઝીટ | ૩૯૬૧૫૧.૬૮ | ૪૫૭૬૫૧.૬૮ | ૭૫૩૫૪૧.૦૦ |
| નિભાવ ફંડ ડીપોઝીટ | ૩૭૮૭૨૫.૦૦ | ૩૯૨૭૨૫.૦૦ | ૪૦૪૭૯.૦૦ |
| **જવાબદારી** | | | |
| બાકી ખર્ચા ચૂકવવાના (ઓડીટર) | - | - | ૨૨૨૬૩.૦૦ |
| બાકી ખર્ચા ચૂકવવાના જાગૃતિ | ૨૬૩૫૯.૦૦ | ૫૩૯૫.૦૦ | - |
| શ્રી ઉપજ ખાત | ૬૦૪૭૯.૭૮ | ૭૦૨૯૩.૭૮ | ૧૪૩૯૨.૯૬ |
| | ૧૧૬૪૪૫૭.૪૬ | ૧૨૩૭૩૦૮.૪૬ | ૧૧૮૮૧૭૩.૯૬ |

## મિલ્કતો -લેણા

| | | | |
|---|---|---|---|
| **ફિક્સ મિલ્કતો** | | | |
| ફર્નીચર | - | - | ૨૩૭૦૦.૦૦ |
| વેબસાઈટ | - | - | ૫૦૦૦.૦૦ |
| **રોકાણો** | | | |
| ફીક્સ ડીપોઝીટ કોસમોસ બેંક | ૧૪૮૦૦.૦૦ | ૭૪૮૦૦.૦૦ | ૮૯૮૦૦.૦૦ |
| ફીક્સ ડીપોઝીટ બેંક ઑફ ઈન્ડીયા | ૫૨૦૧.૦૦ | ૬૫૪૦૨.૦૦ | ૧૫૫૪૦૨.૦૦ |
| ફીક્સ ડીપોઝીટ સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયી | ૫૩૮૧૨૨.૦૦ | ૫૪૧૦૦૦.૦૦ | ૭૪૮૦૦૦.૦૦ |
| જાગૃતી જાહેરાત આવક | ૧૮૧૨૫.૦૦ | | |
| જાગૃતી પ્રિન્ટીંગ ખર્ચ (નુકશાન) | ૩૪૧૩૦૭.૯૭ | ૩૪૩૫૬૩.૯૭ | ૪૭૮૦૩.૯૭ |
| ફી આવવાની બાકી (જીવનસાથી પસંદગી) | ૫૫૫૦૦.૦૦ | ૩૭૯૬૦.૦૦ | |
| આજીવન સભાસદ ફી | ૨૨૭૦૦.૦૦ | ૧૯૧૨૦.૦૦ | |
| **બેંક તથા સિલક** | | | |
| બેંક ઑફ ઈન્ડીયા | ૭૩૯૦૩.૫૧ | ૧૮૧૩૭.૫૧ | ૧૨૨૫૨.૫૧ |
| સ્ટેટ બાંક ઑફ ઈન્ડીયા | ૪૫૬૧૬.૭૮ | ૭૪૧૬૦.૭૮ | ૪૫૧૮૧.૨૮ |
| કોસમોસ બેંક | ૪૯૧૫૧.૨૦ | ૬૩૧૪૪.૨૦ | ૪૭૯૧૨.૨૦ |
| સિલક | ૩૦.૦૦ | ૨૦.૦૦ | ૧૩૧૨૨.૦૦ |
| | ૧૧૬૪૪૫૭.૪૬ | ૧૨૩૭૩૦૮.૪૬ | ૧૧૮૮૧૭૩.૯૬ |

**પ્રમુખશ્રી પ્રિ.ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાય**
**મંત્રીશ્રી શ્રી કૌશીકભાઈ એચ. પાઠક, શ્રી જયંતભાઈ જી.જોશી**
**કોષાધ્યક્ષ શ્રી કિરણભાઈ વી. દવે, આંતરિક ઑડિટર શ્રી કુમુદભાઈ દવે, શ્રી કિરણભાઈ મહેતા**

## ઉપજ ખર્ચ ખાતુ (૨૦૧૫-૧૬)

| ખર્ચ | રૂ. | ઉપજ | રૂ. |
|---|---|---|---|
| ઓડીટ ફી | ૩૯૦૦૦.૦૦ | સમાજ દાન ફંડ આવક | ૨૦૦૧.૦૦ |
| બેંક ચાર્જીસ | ૭૮૨.૫૦ | બેંક ફીક્સ ડીપોઝીટ વ્યાજ | ૮૧૧૧૪.૦૦ |
| જીવનસાથી પસંદગી સંમેલન ખર્ચ | ૨૭૧૩૨૦.૭૨ | જીવનસાથી પસંદગી સંમેલન આવક | ૨૫૫૧૯૬.૦૦ |
| જાગૃતી પ્રિન્ટીગ પોસ્ટેજ ખર્ચ | ૬૨૮૦૮.૦૦ | જાગૃતિ જાહેરાત દાનની આવક | ૭૬૭૧૮.૦૦ |
| ચેરીટી કમીશનર ફાળો | ૬૪૫૦.૦૦ | ખર્ચનો વધારો | ૩૯૪.૨૨ |
| સ્ટેન્શરી તથા પ્રિન્ટીંગ ખર્ચ | ૮૩૨૬.૦૦ | | |
| સામાન્ય સભા ખર્ચ | ૨૬૭૩૬.૦૦ | | |
| | ૪૧૫૪૨૩.૨૨ | | ૪૧૫૪૨૩.૨૨ |

## ઉપજ ખર્ચ ખાતુ (૨૦૧૬-૧૭)

| ખર્ચ | રૂ. | ઉપજ | રૂ. |
|---|---|---|---|
| બેંક ચાર્જીસ | ૧૨૦૦ | બેંક વ્યાજ | ૫૫૨૭૮ |
| જાગૃતિ પ્રિન્ટીટ પોસ્ટેજ | ૮૨૭૫ | જાગૃતિ જાહેરાત આવક | ૬૦૧૧ |
| | ૯૪૭૫ | | |
| ઉપજનો વધારો | ૫૧૮૧૪ | | |
| | ૬૧૨૮૯ | | ૬૧૨૮૯ |

## ઉપજ ખર્ચ ખાતુ (૨૦૧૭-૧૮)

| ખર્ચ | રૂ. | ઉપજ | રૂ. |
|---|---|---|---|
| જાગૃતિ છપામણી, રવાનગી | ૭૫૪૫૭.૦૦ | સમાજ દાનની આળક | ૨૭૧૨.૦૦ |
| મેડીકલ સહાય ખર્ચ | ૧૦૦૦૦.૦૦ | મેડીકલ સહાયની આળક | ૧૦૦૦૧.૦૦ |
| ઓફીસ ખર્ચ | ૩૭૦૦૩.૦૦ | જાગૃતિ જાહેરાત આવક | ૩૨૨૨૧.૦૦ |
| પારીતોષીક ખર્ચ | ૪૨૪૫૦.૦૦ | બેંક ફીક્સ ડીપોઝીટ આવક | ૪૪૨૦૯.૦૦ |
| બેંક ચાર્જીસ | ૩૭૪.૫૦ | પારિતોષિક નિભાવફંડ વ્યાજ | ૪૨૫૫૦.૦૦ |
| | ૧૭૧૨૮૪.૫૪ | | ૧૩૧૬૯૩.૦૦ |
| વડીલ વંદના સમારંભ ખર્ચ | ૩૮૫૬૯૬.૦૦ | વડિલવંદના સમારંભ આવક | ૩૮૦૭૦૨.૦૦ |
| | ૫૫૬૯૮૦.૫૦ | | ૫૧૨૩૯૫.૦૦ |
| | | ખર્ચનો વધારો | ૪૪૫૮૫.૫૦ |
| | | | ૫૫૬૯૮૦.૫૦ |

## હાર્દિક શુભેચ્છા - અભિનંદન



ચિં. કિંજનબેન ધવલભાઈ ભટ્ટએ એનવાયરમેન્ટ માઈક્રો બાયોલોજીમાં પીએચ.ડી.ની ઉપાધી શ્રી એચ.આર.દવે સાહેબની દોરવણી હેઠળ પ્રાપ્ત કરેલ છે. ભવિષ્યમાં પણ તેમના જીવનમાં આવી ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે તેવી શુભેચ્છા તથા અભિનંદન.

**શુભેચ્છકો**

| | |
|---|---|
| શ્રી ચંદ્રેશભાઈ સુરેશભાઈ ભટ્ટ | હેમંતભાઈ વિશ્વનાથભાઈ ઉપાધ્યાય |
| શ્રીમતી દક્ષાબેન ચંદ્રેશભાઈ ભટ્ટ | માધુરીબેન હેમંતભાઈ ઉપાધ્યાય |
| ડૉ. પાર્થ ચંદ્રેશભાઈ ભટ્ટ | રાહુલ હેમંતભાઈ ઉપાધ્યાય |
| ડૉ. ક્ષમા પાર્થ ભટ્ટ | |
| શ્રી રેયાના પાર્થભાઈ ભટ્ટ | |

## સાભાર સ્વીકાર





અમદાવાદના ધવલપક્ષના શ્રીબંધુ શ્રી નરેન્દ્રભાઈ દવે (રાજયોગી નરેન્દ્રજી) (મૂળવતન વીરપુર)ના સંસારી સંત કર્મયોગી અને મા ગાયત્રીના આશીષથી જનસમુદાયની નિઃસ્વાર્થ સેવા કરનારના ધર્મપત્ની સ્વ. કુસુમબેન નરેન્દ્રભાઈ દવેના સ્મરણાર્થે સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના વિદ્યાર્થીઓના અભ્યાસઅર્થેના શૈક્ષણિક ફંડમાં રૂ. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પૂરા)નું દાન પ્રાપ્ત થયેલ છે.

સમાજના જ્ઞાતિજનો તેઓશ્રીના આ પ્રસંશનીય કાર્ય બદલ આભારની લાગણી વ્યક્ત કરે છે.

## આજીવન સભ્યોની વિગત

| ક્રમ | નામ | ગામ | રસીદ નં. |
|---|---|---|---|
| ૧ | વિશાલ યતિશકુમાર શુક્લ | કુકજજ્ઞ | ૧૩૧૩ |
| ૨. | વાસુદેવ શરદચંદ્ર શુક્લ | નડીયાદ | ૧૧૭૩ |
| ૩. | રાકેશ રાજેન્દ્રભાઈ પુરોહિત | બાયડ | ૯૦૧ |
| ૪. | રાકેશ ચંદ્રકાન્ત જોષી | વડોદરા | ૯૦૨ |
| ૫. | ચંદ્રકાંત ભીખાલાલ ઉપાધ્યાય | વડોદરા | ૯૦૩ |
| ૬. | હરેશભાઈ સોમેશ્વર ઉપાધ્યાય | કાલોલ | ૯૦૪ |
| ૭. | અલ્પેશ નટવરલાલ પંડ્યા | પાલીજેતપુર | ૯૦૫ |
| ૮. | નીલીનકુમાર પુંજાલાલ જોષી | કાલોલ | ૯૦૬ |
| ૯. | પરેશકુમાર રજનીકાંત જોષી | કાલોલ | ૯૦૭ |
| ૧૦. | અરવિંદભાઈ શંકરલાલ જોષી | ડેરોલ | ૯૦૮ |
| ૧૧. | દિનેશ ધીરજરામ ઉપાધ્યાય | વડોદરા | ૯૦૯ |
| ૧૨. | ફાલ્ગુન દેવેન્દ્રભાઈ ભટ્ટ | અમદાવાદ | ૧૧૭૦ |





### લાગણી સભર અપીલ...

**દાન આપો દિલથી, દાતા બનો ભાવથી...**

**એકાઉન્ટ નામ :** સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત
**બેંક :** સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, **બ્રાન્ચ :** દાણાપીઠ બ્રાન્ચ (૦૧૬૯૮)
**એકાઉન્ટ નંબર :** 30121839092
IFS Code : SBIN0001698

ટ્રસ્ટ રજી. નં. ઈ–૭૨૮૩
AMC રજી.નં. PIEL ૪૧૬૨૩


॥ શ્રી ગણેશાય નમઃ ॥

ફોન : ૦૭૯–૨૬૬૦૪૧૩૪
મો. : ૯૮૭૯૭૯૪૧૩૪
૯૮૭૯૬૦૪૧૩૪

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત

# વિધાતા મેરેજ બ્યુરો

V.M.B.
Estd. 1995



૧૯૯૫ થી અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, ડીગ્રીધારક, મેડીકલ,
એન્જિનિયરિંગના ઉચ્ચ શિક્ષિત ભારતના, વિદેશના એન.આર.આઈ. માટેના જીવનસાથી પાત્રો
૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કમ્પ્યૂટરાઈઝ લગ્ન સંસ્થા

અપરણિત, છુટાછેડા, વિધવા, વિધુર, સીનીયર સીટીઝન, સફેદદાગ, વિકલાંગ, શારિરીક ક્ષતિ, મુકબધધિર, પ્રજ્ઞાચક્ષુ
એચ.આઈ.વી., એન.આર.આઈ. યુવક–યુવતિના લાયક અને યોગ્ય જીવનસાથી પાત્રોની
આપની પસંદગી મુજબ ઈચ્છાનુસાર મેરેજ ન થાય ત્યાં સુધી કોન્ટેક્ટ કરાવી આપવામાં આવે છે.

**૧૦, સેલર, વિજય કોમ્પલેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.**
**સમય : ૧૦ થી ૮, રવિવારે ૧૦ થી ૧, જાહેર રજાએ ચાલુ.**

Website : www.vidhatamarriage.com
Email : contact@vidhatamarriage.com

**હસમુખ જોષી**
M.A.,LL.B.
મેનેજિંગ ડાયરેક્ટર

લગ્ન સ્વર્ગમાંથી રચાય છે, તેમની જોડી 'વિધાતા' યોગ્ય સમયે મેળવી આપે છે,
તેમાં પુરૂષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની વિધાતા પણ છૂટ આપે છે.

**દિના જોષી**
M.A.,LL.B.
મેનેજર

The Family Dentcare Center
"caring for you & your *smile*"

**MADHAV** MULTISPECIALITY DENTAL CLINIC

**Dr. Rima P. Bhatt** B.D.S. | **Dr. Parth C. Bhatt** B.D.S.

**Available Treatment**

- RCT
- Crown & Bridge
- Implant Placement
- Cosmetic Treatments
- Orthodontic Treatment (Braces)
- Wisdom Tooth Surgery & Cyst Removal
- Pediatric Treatment
- Denture

## માધવ મલ્ટી સ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લીનીક

**બી-૮, માધવ કોમ્પલેક્ષ, પ્રજાપતિ ગાર્ડન સામે, વાસણા બસ સ્ટેન્ડ પાછળ, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭**
**મો. ૯૧૨૭૨૧૯૪૧૨, ૯૪૨૭૨૧૯૪૧૩, email : parth.bds@yahoo.in**



પ્રકાશક અને મુદ્રક :
**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી**
**પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**
સી-૨૧૨, દેવઓરમ, મારૂતિનંદન કાઠિયાવાડી હોટલની પાછળ,
આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, અમદાવાદ
email ID : shrigaudjagruti@gmail.com
ફોન : ૦૭૯-૨૬૬૪૧૦૨૮, મોબાઈલ : ૯૮૨૪૪૦૬૩૮૧ (પ્રમુખશ્રી)
આજીવન સભ્ય ફી રૂ. ૨૦૧/- પતિ-પત્ની સાથે રૂ. ૩૦૧/-
પરદેશમાં રૂ. ૨૫૦૦/-


બુક–પોસ્ટ

પ્રતિ